નં.નાનિ/અજાક/અમર/વશી/૨૦૨૨-૨૩/૩૮૨૬
નાયબ નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ,
બહુમાળી ભવન,બી-303,ત્રીજો માળ,
અમરેલી તા.૦૯/૦૯/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
અમરેલી

વિષય - ધો.૯ અને ધો.૧૦માં અભ્યાસ કરતા અનુ.જાતિઓના વિદ્યાર્થીઓના જાતિ પ્રમાણપત્રની દરખાસ્ત તૈયાર કરાવવા અંગે

સંદર્ભ - માન.અધિક મુખ્ય સચિવશ્રી સા.ન્યાય અને અધિ.વિભાગની તા.૮/૦૯/૨૦૨૨ની વીડીયો કોન્ફરન્સની સૂચના અનુસાર

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સરકારશ્રીના ઠરાવ અને પરિપત્રો અનુસાર અનુસૂચિત જાતિના ધો.૯ અને ધો.૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જાતિ પ્રમાણપત્ર શાળા ~~દ્વારા~~ મારફત જ આપવાનું ઠરાવેલ છે. (પરિપત્રની નકલ સામેલ છે.)

ઉક્ત બાબતે આપના હસ્તકની શાળાઓને સત્વરે સૂચના થઈ આવવા વિનંતી.

નાયબ નિયામક
અનુ.જાતિ કલ્યાણ
અમરેલી

---

પરિપત્ર નં :- ૧૬૩

ક્રમાંક:-પ્રાથમિક/જાતિ પ્રમાણપત્ર/૨૨-૨૩
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી.
તા.૧૪/૦૯/૨૦૨૨

ઉક્ત પરિપત્ર જાણ તથા તાત્કાલિક અમલ સારૂ.....

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.અમરેલી

તમામ ... કરીએ

Scanned with CamScanner

ખુબજ અગત્યનું-મુદત બંધી

પુનઃ પ્રયત્ન

નં.અજાક/અમર/વશી/૨૦૨૨-૨૩/૩૪૨૬

નાયબ નિયામક અનુ.જાતિ કલ્યાણ

બહુમાળી ભવન બી-બ્લોક ત્રીજો

માળ રૂમ નં ૩૦૩ અમરેલી

તારીખ – ૦૯-૦૯-૨૦૨૨

# પરિપત્ર

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક અજપ/૧૦૨૦૧૦/૩૬૩૪૪૬/હ તા ૧૦/૦૧/૨૦૧૪ થી ધો.-૯ અને ધો.૧૦ માં અભ્યાસ કરતા વિધાર્થીઓને ધો.-૯ અને ધો.૧૦ના પ્રથમ સત્ર પુણે થતા પહેલા સબંધિત વિધાર્થી અથવા તેના પિતા/વાલીને અનુ.જાતિના પ્રમાણપત્રો આપવા ઠરાવાયેલ છે તેથી નીચે મુજબ કાર્યવાહી આપની કક્ષાએથી કરવા વિનંતી છે.

૧) ધોરણ-૦૯ તથા SSC અને અગાઉ HSC માં જાતિ પ્રમાણપત્ર મળેલ ન હોય તેવા SSC/HSC માં અભ્યાસ કરતા વિધાર્થીઓને અથવા તેમના પિતા/વાલીઓને સાથે રાખી જાતિ પ્રમાણપત્રનું અરજી ફોર્મ આપીને અરજી ફોર્મ સાથે જરૂરી તમામ પુરાવા(ડોકયુમેન્ટ) લેવાના રહેશે (ફોર્મની નકલ તથા અરજી સાથે જોડવાના થતા ડોકયુમેન્ટની યાદી સામેલ છે.)

૨) અરજી સાથે જોડવાના થતા પુરાવાઓની યાદી શાળાઓએ નોટીસબોર્ડ પર મુકવાની રહેશે.

૩) શાળાના આચાર્યશ્રીઓએ વિદ્યાર્થીઓને વયપત્રક રેકર્ડ ઉપરથી વયપત્રકનો ઉતારો આપવાનો રહેશે જે અસલમાં (ORIGINAL) અરજી સાથે જોડવાનો રહેશે.

૪)આચાર્યશ્રી દ્વારા દરખાસ્ત અત્રે મોકલવાના રહેશે અને તેઓ હસ્તકની તમામ શાળાઓની દરખાસ્તો અત્રે પહોંચાડવાની રહેશે. તમામ શાળાઓ તરફથી દરખાસ્ત/નીલ રીપોર્ટ મળી ગયાનું પ્રમાણપત્ર પણ આપવાનું રહેશે.

૫) આવી તૈયાર કરેલ દરખાસ્તોમાં કોઈ વિશેષ જાણકારીની જરૂરત હોય તો આ કચેરીના ફો.નં. ૦૨૭૯૨-૨૨૩૪૪૬૫પર સમય નક્કી કરી, રૂબરૂમાં મળવાનું રહેશે સમય મર્યાદામાં આચાર્યશ્રી દ્વારા દરખાસ્ત રજુ નહીં થયેથી ઉપસ્થિત થનાર તમામ પરીસ્થિતિ માટે આચાર્યશ્રીની જવાબદારી રહેશે.

૬) અધુરાશવાળી અરજીઓ નહીં રજુ કરતા, તમામ વિગતો- સાધનિક કાગળો મેળવીને જ દરખાસ્ત રજુ કરવાની રહેશે જેથી પુર્તતા માટે દરખાસ્ત પરત કરવાની ન થાય.

૭) ફોર્મમાં ચોટાડેલ વિદ્યાર્થીના ફોટા પર શાળાનો રાઉન્ડ સીલ લગાવવાનો રહેશે

૮)સરકારશ્રીની સુચના મુજબ "હરીજન","ગીરીજન","ભંગી","ચમાર", "ગરોડા બ્રાહ્મણ" જેવા શબ્દો ન લખાય તે જોવા સુચના છે. શાળાના કોઈ રેકર્ડમાં આવા શબ્દો હોય તો વખતો વખત ના ઠરાવો, પરીપત્રો, જાહેરનામા મુજબની પ્રક્રીયા અનુસરવાની રહેશે (ઠરાવ નકલ સામેલ છે.)

૯) પિતા-પુત્ર/પુત્રીની પેટા જાતિ અલગ અલગ હોય તો તેમાં પણ નિયમોનુસાર પ્રકીયા અનુસરી સાચી જાતિની વિગતો મળી રહે તે આચાર્યશ્રીએ અને સંયોજકશ્રી શાળા વિકાસ સંકુલે જોવાનું રહેશે.

૧૦)ધો.૯ ના વિધાર્થીને પ્રથમ શૈક્ષણીક સત્ર પૂર્ણ થાય તે પહેલા અને ધો.૧૦ અને ૧૨ ના વિધાર્થીઓને પરીણામ સાથે સામુહીક રીતે વિદ્યાર્થીઓના એલ.સી. આપવાના થાય ત્યારે સાથે જ જાતિ પ્રમાણપત્ર આપવાના રહેશે તેમજ એલ. સી. પાછળ નીચે મુજબ નોંધ જે તે શાળાએ

Scanned with CamScanner

કરવાની રહેશે. (હાલના ધો.૯ ના વિધાર્થી ધો.૧૦ પુર્ણ કરે ત્યારે તેના લીવીંગ સર્ટીફીકેટમાં આ નોંધ કરવાની રહેશે.)

"અનુ.જાતિ પ્રમાણપત્ર આપવામાં આવ્યું.
પ્રમાણપત્ર નં.-
તારીખઃ-
પ્રમાણપત્ર આપનાર કચેરીનું નામ/
આચાર્યશ્રીની સહી/સિક્કો

૧૧) ગુજરાત રાજયમાં બીજા રાજયમાંથી આવીને વસવાટ કરતા અનુ.જાતિ ના લોકોને જાતી પ્રમાણપત્ર મેળવવા માટે સબંધિત મામલતદાર કચેરીમાં અલગથી અરજી કરવાની રહેશે.

૧૨)વિધાર્થીઓએ ભરવાના થતા જાતિ પ્રમાણપત્ર મેળવવાના અરજી ફોર્મ અત્રેની કચેરીએથી આચાર્યશ્રીએ તેમની શાળાની જરૂરીયાત મુજબ મેળવી લેવાના રહેશે. અથવા વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી કે ઝેરોક્ષ કરી વિધાર્થીઓને પુરા પાડવાના રહેશે.

(૧૩) સરકારશ્રીના તારીખ ૦૨/૦૮/૨૦૧૦ ના ઠરાવ મુજબ તાલુકા કક્ષાએ ગ્રામ્ય વિસ્તારની શાળાઓએ તાલુકા વિકાસ અધિકારીશ્રી તેમજ તાલુકા કક્ષાની શહેરી વિસ્તારની શાળાઓએ મામલતદારશ્રી કચેરીમાં તથા જિલ્લા મથકની શાળાઓએ નાયબ નિયામકશ્રી અનુસુચિત જાતિ કલ્યાણ બહુમાળી ભવન ત્રીજો માળ અમરેલીને જાતિ પ્રમાણપત્રની દરખાસ્ત કરવાની રહેશે.

નાયબ નિયામક
અનુ.જાતિ કલ્યાણ
અમરેલી

બિડાણઃ
(૧) શાળાએ તૈયાર કરવાનું દરખાસ્ત પત્રક.
(૨) પ્રમાણપત્ર મેળવવા માટેની અરજીનો નમુનો.
(૩) અરજી સાથે જોડવા માટેની બીડાણ યાદી.
(૪) અનુ.જાતિમાં સમાવિષ્ટ જ્ઞાતિઓનું લીસ્ટ.

પ્રતિ,
આચાર્યશ્રી,
------------------------------------------------------------
------------------------------------------------------------
----------------------------------------------------------
-------------------------------------- (તમામ હાઇસ્કુલ તથા ઉચ્ચતર માધ્યમીક શાળાઓ)

નકલ રવાનાઃ-
૧. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલી ( આચાર્યશ્રીને દરખાસ્ત તૈયાર કરી સમયસર રજુ કરવા સુચના આપવા વિનંતી)

Scanned with CamScanner

# માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળા

અનુ.જાતિના જાતિ પ્રમાણપત્રો અંગેની દરખાસ્તનું તારીજ પત્રક(બે નકલમાં રજુ કરવું)

શાળાનું નામ તથા નંબરઃ-

સરનામુંઃ-.......................................................................................................................

ફોન નં.......................................................... મોબાઇલ નં................................................

| ક્રમ | અટક/ વિધાર્થીનું નામ/ પિતાનું નામ | વિધાર્થીનું હાલ રહેણાંકનું સરનામું | શાળાના જનરલ રજી.નં. | શાળાના જનરલ રજી.મુજબ લખાયેલ જાતિ/ પેટાજાતિ | શાળાના જ.ર.મુજબ લખાયેલ જન્મ સ્થળ | અરજદાર વિધાર્થીના કુટુંબનું મુળ વતન તાલુકો................... જિલ્લો................... | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

નોંધઃ- આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ઉપર મુજબની વિગતો શાળાના રેકર્ડ પરથી ખાતરી કરીને તૈયાર કરવામાં આવેલ છે. જે સાચી અને ખરી છે.

તૈયાર કરનાર કર્મચારીની સહી .......................... આચાર્યશ્રીની સહી/- ..................................

નામ (..................................) નામ (..................................)

Scanned with CamScanner

હોદાનો સિકકો

# પરિશિષ્ટ-૧ માં જોડવા માટેના ડોકયુમેન્ટની યાદી

## અનુ.જાતિનું જાતિ પ્રમાણપત્ર મેળવવા માટે અરજી સાથે જોડવાના દસ્તાવેજી પુરાવાઓની યાદી

---

૧. વિધાર્થીના વયપત્રકનો ઉતારો અસલમાં. (ફરજિયાત)

૨. જન્મનું પ્રમાણપત્ર (ફરજિયાત)

૩. આધારકાર્ડ (ફરજિયાત)

૪. રેશનકાર્ડ (ફરજિયાત)

૫. વિધાર્થીના પિતાના શાળા છોડયાના પ્રમાણપત્ર (એલ.સી.) અથવા જાતિ પ્રમાણપત્રની ખરી નકલ. (ફરજિયાત)

૬. ક્રમ નં.૫ ન હોય તેવા કિસ્સામાં અથવા જાતિ સ્પષ્ટ ન થતી હોય તેવા કિસ્સામાં વિધાર્થીના દાદા/કાકા/ફોઇ/ ના શાળા છોડયાના પ્રમાણપત્રની (એલ.સી.) ખરી નકલ સાથે તલાટી કમ મંત્રીનું પેઢીનામું (કુટુંબનો આંબો) અસલમાં.(પેઢીનામામાં અરજદાર વિધાર્થી તથા દાદા/કાકા/ફોઇનું નામ હોવું જોઇએ.)

૭. અન્ય પુરાવા તરીકે ચુંટણીકાર્ડ, છેલ્લુ લાઇટબીલ/ટેલીફોન બીલ, ઘરવેરા બીલ પૈકી કોઇ એક અથવા વધુ પુરાવાઓ.

૮. પાસપોર્ટ સાઇઝના બે ફોટોગ્રાફસ (એક ફોટો ગુંદરથી અરજી ઉપર ચોંટાડવો અને બીજો ફોટો સ્ટેપ્લર પીન મારી અરજી સાથે જોડવો.)

૯. અરજી સાથે જોડેલ તમામ ઝેરોક્ષ નકલો પ્રમાણિત કરાવવી.

૧૦. શકય હોય તો ધો.૧૦ ના વિધાર્થીઓએ ધો.૭ ના અંતે મળેલ શાળા છોડયાના પ્રમાણપત્રની ખરી નકલ જોડવી. તેવી રીતે ધો.૧૨ ના વિધાર્થીએ ધો.૧૦ ની એલ.સી.ની ખરી નકલ જોડવી.

---

**(અન્ય બાબતો)**

- વિધાર્થી અને તેના પિતાના નામમાં, અટકમાં,નામ / અટકમાં કોઇ ફેરફાર હોય ત્યાં સરકારી ગેઝેટની નકલ જોડવી.
- પિતાનું લીવીંગ સર્ટીફીકેટ ન હોય ત્યારે જાતિ પુરવાર થઇ શકે તેવો કોઇ સાચો સહજ દસ્તાવેજી પુરાવો અથવા પ્રોપર્ટી વેલ્યુ ધરાવતાં અન્ય કોઇ પુરાવા.
- વિવાદાસ્પદ/શંકાસ્પદ કિસ્સામાં જરૂર જણાય તો જાતિ પુરવાર કરવા માટે ૧૯૫૦ પહેલાના આધારભુત પુરાવા સક્ષમ અધિકારી માંગે તો રજુ કરવાના રહેશે.
- અન્ય રાજયમાંથી સ્થળાંતરીત થયેલ ને ગુજરાતમાં સ્થાયી થયેલ ઉમેદવારના કિસ્સામાં ૧૯૫૦ કે તે પહેલાની ગુજરાત રાજયમાં કાયમી વસવાટ હોવા અંગેના સરકારી રેકર્ડ આધારીત પુરાવા રજુ કરવા ના રહેશે.
- વિધાર્થીના પિતાના દાદા, કાકા, વગેરેના અસલ પ્રમાણપત્ર અસલ દસ્તાવેજી પુરાવાઓ શાળાએ વિધાર્થી પાસેથી મેળવી કચેરીમાં ફાઇલ રજુ કરતી વખતે વેરીફાઇ કરાવવાના રહેશે.

Scanned with CamScanner

- હાલ ધો.-૧૨ માં અભ્યાસ કરતા વિધાર્થીઓને ધો.-૧૦ માં કે ત્યાર બાદ જો જાતી પ્રમાણપત્ર મળી ગયેલ હોય તેવા વિધાર્થીઓની દરખાસ્ત કરવી નહી. આ બાબતે ધો.૧૧ માં પ્રવેશ સમયે રજુ થયેલ ધો.૧૦ ના એલ.સી. ની પાછળના ભાગની નોંધ અવશ્ય જોઇ જવી.
- શિક્ષણ વિભાગના પરિપત્ર અન્વયે થયેલ સુચના મુજબ જો કોઇ વિધાર્થીને લગતી વિગતોમાં કોઇ સુધારો કરવાનો હોઇ તે સુધારી રજુ કરવાનું રહેશે.

Scanned with CamScanner